શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૮

અંક : ૬

## ચોમાસાની શરૂઆત....

આપણે બહુ લાંબા સમયથી જેની આતુરતાથી રાહ જોઈ રહયા હતા તે ખુશી આપણા ચહેરા પર મેઘરાજાએ છલકાવી દીધી છે. મેઘરાજાની પધરામણીથી વાતાવરણમાં ચમક, પક્ષીઓના કિલકાર અને ખેડૂતોના મનને શાંતી મળી છે. આપણી સંસ્થાના કાર્યવિસ્તારના મોટા ભાગના ખેડૂતોએ વાવણી કરી દીધી છે. ટુંક સમયમાં ચોમાસું પાકોથી ધરતી લીલી ઓઢણી ઓઢશે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાણીની અછત હોવાના કારણે ૫૦% જમીન ચોમાસામાં જ ઉપયોગી બને છે. ચોમાસાની શરૂઆત કરતાં વરસાદ બહું મોડો શરૂ થયો છે. જીવાદોરી સમાન વરસાદની વધામણી વહેલી કે મોડી પરંતુ સૌને વહાલી જ લાગે. વરસાદમાં નહાતા નાના ભુલકાઓને જોઈને આપણું બાળપણ સ્હેજે યાદ આવે અને પેલુ ગીત આવ રે વરસાદ... ઘેબરીયો પરસાદ...ઉની ઉની રોટલીને કારેલાનું શાક... આમ, ચોમાસું અનેરો આનંદ અને એક તહેવારનું પ્રતિક બને છે તો ચાલો બધા સાથે મળીને આ તહેવારી પર્વને ખુબ ઉત્સાહ પુર્વક ઉજવીએ.

### ટપક અને ફુવારા વસાવો

સોરઠ ખેત ઉત્પાદક કંપની કે જે ઉના અને ગીરગઢડાનાં ખેડૂતો દ્વારા બની છે. ટપક, ફુવારા, ગ્રીન હાઉસ વિગેરે માટે જાણીતી એમઆઈએસ સપ્લાયર કંપની ભુમીની ડીલરશીપ ધરાવે છે.

જેની સબસીડી નીચે મુજબ છે.

ટપક પિયત પધ્ધતીમાં ૧૨ વીઘાના ખેડૂતો માટે સરકાર દ્વારા ૬૦% અને સોરઠ કંપની દ્વારા ૧૦% એમ મળી કુલ ૭૦%, ૧૨.૫ વીઘાથી વધારે જમીન ધરાવતા ખેડૂતો માટે સરકાર દ્વારા ૫૦% અને સોરઠ કંપની દ્વારા ૧૦% એમ મળી કુલ ૬૦% સબસીડી મળવા પાત્ર થશે. જયારે એસસી/એસટીના ખાતેદારોને ૮૫% સુધી સબસીડી છે.

જરૂરતમંદને બેંક નિયમ મુજબ લોન પણ આપે છે.

સંપર્ક : ઉના ધોકડવા રોડ, એસબીઆઈની બાજુમાં, ધોકડવા તા. ગીરગઢડા
અશ્વિનભાઈ – ૭૩૫૯૦૮૦૭૫૫
ભરતભાઈ – ૯૭૩૭૬૨૨૨૧૦

**જીવનની પરિસ્થિતિનો સામનો કરવાની યોગ્યતાનું નામ શિક્ષણ છે.**

## કૈક કરી છુટીએ (આંખે દેખ્યો અહેવાલ)

અમરેલી આમતો સંસ્કારી નગરી તરીકે જાણીતી છે લોકો પણ માયાળુ અને મહેનતુ. અહી ગાયકવાડના શાસન દરમીયાન લોકો ફરજીયાત શિક્ષણ મેળવતા એટલે પ્રમાણમાં સાક્ષર ગામ. ઉધોગ નો ઓછો વિકાસ એટલે બીજા શહેરોથી થોડુ પછાત ગણાય. લોકો મુખ્યત્વે ખેતી ધંધા પર નભે. આજે તો આ શહેરે ઠીક ઠીક પ્રગતિ સાધી છે પણ છેવાડાના વિસ્તારોની સ્થિતી જેમની તેમ છે. આજ હું એવા જ એક વિસ્તારની વાત રજુ કરવાનો છુ કે જે લોકોની સ્થિતી આજે પણ દયનિય છે. તયાં કેવી વિટંબણાઓમાંથી બાળપણ પસાર થતુ હશે?

અમરેલીનો કેરીયા ફાટક પાસેનો ઝુંપડપટી વિસ્તાર આશરે ૨૫–૩૦ ઝુંપડપટીઓની વસાહત અને અંદાજે સવાસો માણસોની વસ્તી. રોજગારીનો મુખ્ય પ્રશ્ન. બાજુમાં આવેલ જીઆઈડીસીમાં છુંટુ છવાયુ કામ કરે અને પેટ ભરે અન્ય કામ કચરો વિણવો, ભંગાર વિણવો, થોડુ ઘણું ડબા પેટી બનાવવાનું કાર્ય. આ ડંગાઓમાં અંદાજે ૩૦–૩૫ બાળકોથી ભર્યો ભર્યો માહોલ પણ તેમના ભણવા પ્રત્યે ઉદાસીનતા. બાળકો ભણવાની ઉંમરે કામમાં હોય તેવું જણાય છે. અહી નથી પાણી, વીજળી, રસ્તાની સગવડ. રેલ્વેના પાટાની પાસેથી પસાર થતી બદબુ મારતી ગટરો વહી જાય છે. દરેક બાળકને કોઈને કોઈ વ્યસન છે જ. નાહયા–ધોયા વિનાનું આ નિર્દોષ હાસ્ય જયાં બે ટંકનાં ખાવાનાં ફાફા હોય ત્યાં જયાં અંગ ઢાંકવાની તો કયાં વાત જ કરવી.

અમરેલીમાં કાર્યરત એક સ્વેચ્છિક સંસ્થાના કાર્યકરોની અહીં દ્રષ્ટી પડી અને આ ભટકતુ બાળપણ જોઈ વ્યથા અનુભવી. આ બાળકોને શિક્ષણ આપવા એક માનદ શિક્ષકની નિમણુંક કરી આ બાળકોને અક્ષરજ્ઞાન આપવાનો એક પ્રયાસ શરૂ કર્યો. અહીં એવી કોઈ સગવડ નથી કે જયાં બેસીને ભણાવી શકાય. તેમ છતાં ઝાડી ઝાંખરા, બાવળની ઓથ લઈને ૨૫–૩૦ બાળકોને ભેગા કરી રોજ એકાદ બે કલાક અભ્યાસ કરાવવામાં આવે છે. આમ સંસ્થાએ કોઈ સરકારી મદદ વગર આ માસુમોને માટે કંઈક કરી છુટવાની નેમ રાખી છે. છેલ્લા બેક મહિનાથી આ બાળકોને કુટેવો, વ્યસનથી થતા નુકશાનો, ભણવાનો હક વગેરે બાબતો પર સમજ આપવામાં આવી રહી છે. માતા પિતાની મુલાકાતો કરી તેમને પણ સમજાવવામાં આવી રહયા છે. ઉપર આભ અને નીચે ધરતી જેવી સ્થિતિમાં રહેતા આ નિખાલસ બાળકો માટે આપણે સૌએ મદદનાં હાથ લંબાવવા જ જોઈએ. કયાંક રેલ્વેની વ્હીસલમાં આ વેદનાનો અવાજ રુંધાય ન જાય અને ધુમાડામાં અમુલ્ય માનવી ગુંગળાઈ ન જાય.

**– ભરતભાઈ મહેતા**

***દરેક ઉમદા કાર્ય શરૂઆતમાં અશકય જ લાગતાં હોય છે.***

## ટકાઉ ખેતી

મિત્રો, ગયા અંકમાં ડરો નહી પણ લડો વાકય આધારીત માહિતી આપને ઉપયોગી થઈ હશે. હું આ લખી રહયો છું ત્યારે ચાચકવાડ, ઉમેજ, ધારી તેમજ ગીર ગઢડા વિસ્તારોમાથી વરસાદના સારા સમાચાર મળી રહયા છે. આશા રાખું કે આપ આ લેખ વાચતા હોય ત્યારે બધા જ વિસ્તારોમાં વાવણી થઈ ગઈ હશે. મિત્રો, આ વખતે માર્ચ, એપ્રિલના સર્વે પછી અને હાલના સમાચાર મુજબ કપાસનું વાવેતર વધ્યું છે. જે સારી બાબત છે. જે બજારના માંગને અનુકુળ રહેશે.

એક બીજી સારી વાત થઈ છે કે લગભગ ૮૦% ખેડૂતોએ ટુંકા ગાળામાં પાકતી જાતો પસંદ કરી છે. અને ટુંકા પાટલે વાવેતર કરવાનો છે. આ ખેડૂતોને આંતર પાક વાવવાની જરૂરીયાત નથી. પરંતુ જે ખેડૂતો ટુંકા ગાળાની જાતને લાંબા પાટલે વાવણી કરવાના છે. તે ખેડૂતો ભુલ્યા વગર આંતર પાકનું વાવેતર કરે. ટુકા ગાળાની જાતો વાવી તે સારી બાબત છે તેની કાળજી લેવી પણ એટલી જરૂરી છે.

૧. કપાસના ખેતર ફરતે નોન બીટી કપાસનું વાવેતર કરવું

૨. ૪૫ દીવસ સુધી દવાનો ઉપયોગ ના કરવો જરૂર જણાય તો માત્ર નીમ ઓઈલનો જ ઉપયોગ કરવો.

૩. કટોકટીની અવસ્થાએ જ પાણી આપવું

૪. એનપીકે, એસએસપી તેમજ ડીએપી જેવા ખાતરોનો ઉપયોગ માત્ર પાયાના ખાતરમા જ કરવો. આ ખાતરનો ઉપયોગ પાળા ચડાવતી વખતે બીલકુલ ના કરવો.

૫. યુરીયા ખાતરના માત્ર ત્રણ જ ડોઝ આપવા. વીઘામાં ૫–૭ કીલો આપવું.

૬. મોનોકોટો તેમજ ટ્રાયજોફોસ દવાનો છંટકાવ કરવો નહી.

૭. દર વખતે દવાના ગ્રુપમાં દવા બદલાવી.

૮. જીવાતની ઓળખ અને તેની માત્રાના આધાર પર જ દવાની પસંદગી કરી ભલામણ મુજબ આપવી.

૯. ૩૦ દીવસના કપાસમાં ફેરોમેન ટ્રેપ વીઘા દીઠ ૩ લગાડવી.

૧૦. વીઘા દીઠ ૭૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ અને ૧૨૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટનો ઉપયોગ કરવો.

આમ, ઉપર મુજબની કાળજી લેવી જરૂરી છે. જો તેમ ના થાય તો ટુંકા ગાળાની જાતોમાં ઉલટું પરીણામ આવી શકે છે. જેમ કે દવા, ખાતર, પાણીના વધારે ઉપયોગથી કપાસનો વિકાસ જરૂર કરતાં વધી જશે અને જીંડવા ઓછા આવશે અને કપાસ એકદમ ઘાટો થાય તો ઉત્પાદન પર મોટી અસર કરશે. કપાસનો ઓછામાં ઓછો વિકાસ થાય તો જ સારું ઉત્પાદન મળી શકશે. આપના કોઈ સવાલો કે સુચનો હોય તો આપ મને જણાવી શકો છો.

**– ડી એન ઝાલા મો. ૯૮૨૫૪૨૨૨૬૮**

***ક્રોધને જીતવા માટે મૌન જેટલું સહાયક બીજું કોઈ નથી.***

## વાર્ષિક મિલન

ગત વર્ષના કામના અહેવાલ પર ચર્ચા સમિક્ષાઅર્થે સંસ્થાનું વાર્ષિક મિલન તારીખ ૨૬મી જૂન ૨૦૧૬ના રોજ યોજાયુ જેમાં સંસ્થાનો પરીચય અને ચાલતા કાર્યક્રમોની વિગતો વર્ષ દરમીયાન કરેલ કામગીરી, અનુભવો અને મુશ્કેલીઓનું વર્ણન ભાષણ, રોલપ્લે તથા નાટક દ્વારા થયુ.

ન્યાય સમિતીમાં જોડાયેલ ખાંભાના લીલીબેને તેમના અનુભવો જણાવતા કહયું કે હું અભણ હોવા છતાં પણ બહેનોના પ્રશ્નોનું નિરાકરણ લાવી અને પોલીસ સ્ટેશન સુધી પણ જવા સક્ષમ બની છું. બાબરા તાલુકાના ૪૫ ગામોમાં શાળાકીય શાસન વ્યવસ્થા પર ચાલતા કાર્યોની વિગતો રજુ થઈ.




તેમજ શિક્ષણ સંવર્ધન પર થયેલ રજુઆતમાં વિદ્યાર્થીઓએ પોતે કઈ રીતે શીખે છે તે જણાવ્યુ. અમરેલીમાં ઝુપડપટી વિસ્તારમાં શરૂ કરેલ કેળવણીનુ કાર્ય પણ વિસ્તારના બાળકોએ રજુ કર્યુ. આ કામગીરી નાટક દ્વારા વધુ સ્પષ્ટ થઈ. હરિરાજ દ્વારા ગ્રામ સંજીવની સમિતીઓના સભ્યોનું ઓરીએન્ટેશન થયુ તેમાં સંસ્થાની ટીમની મુખ્ય ભૂમિકા રહી. મજુરો અને ખેડૂતોની તાલીમોમાં આરોગ્ય અંગેની સમજ તેમજ સારવાર માટે આરોગ્ય શિબિરો યોજી હતી. ખેડૂતો ઓછા ખર્ચે ઉત્પાદન મેળવતા થાય તે માટે ગીર સોમનાથ અને અમરેલી જીલ્લામાં ૮૦૪૦ ખેડૂતો ચાલી રહેલી કામગીરી તથા ખેડૂતોને ખેતી વિષયક માહીતી મળી રહે તે માટે તેમાં સ્થપાયેલા માહીતી કેન્દ્રોની વિગતો આપી. ખેતી વિષયક કામગીરીની વિગતો એક રોલપ્લે દ્વારા રજુ થઈ. ૨૦૦૬માં એક

**સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે.**

ખેડુતોની કંપની બની, હાલમાં ધારી, ઉના અને જાફરાબાદમાં પણ આવી જ ચાર કંપનીઓ ખેડૂતોએ રચી છે તેના ફેસીલીટેશનનું કાર્ય સંસ્થા કરી રહી છે. કંપનીના ખેડૂતોએ સાથે મળી ખરીદી અને વેચાણ કરે તેવી કામગીરી ચાલુ છે.

ઉપસ્થિત શ્રી પાટીદારએ એસએમસીના કાર્યો, આરટીઈ એકટની જોગવાઈઓ અનુસાર બાળકો જાતે જ શાળાએ આવતા થાય તેવું વાતાવરણ શાળામાં બનાવવું તેમ જણાવ્યુ હતુ. ધારી તાલુકામાં સંસ્થાના કાર્યકરોના નિયમિત સંપર્કના અભાવે કામગીરી ઢીલી પડતી હોવાનું ગીર ફાર્મર્સ કંપનીના ચેરમેન શ્રી ઓસમાણભાઈએ જણાવ્યુ. ઉના વિસ્તારમાં સ્થપાયેલ સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર




કંપની લી.ના ચેરમેન શ્રી મગનભાઈએ વાત કરી કે સંસ્થાનો આ ખેતી આધારિત આ કાર્યક્રમના લીધે ખેડૂતોને ખેતી કરવામાં ૨૦ થી ૨૫% જેટલો સુધારો જોવા મળ્યો છે. તેમ છતાં સફળ પ્રયોગોના પુનરાવર્તન પર હજુ વધુ ધ્યાનદેવાની જરુર દર્શાવી. જાપકોના સીઈઓ શ્રી જયદીપભાઈએ પોતે કંપનીમાં શરૂ કરેલ કાર્યની વિગતો આપી હતી. અવિરતના સીઈઓ સુરેશભાઈએ પણ લગાતાર ચાલતા કાર્યોની વિગતો રજુ કરી હતી.

આમ, સંસ્થા દ્વારા ચાલતા કાર્યોમાં નડતી મુશ્કેલીઓ ખાસ બહાર આવી શકી નહી પણ થયેલ રજુઆતોની વિગતો ઉપસ્થિત સંસ્થા વ્યવસ્થાપક મંડળના સભ્યો દીપાબેન, જયંતિભાઈ, હાર્દિકભાઈ, ભરતભાઈ તથા ધીરૂભાઈએ નોંધી તેના પર કાર્યવાહી કરવા ચર્ચા કરી હતી.

**જેને હારવાનો ડર છે તેની હાર નિશ્ચિત છે.**

## જમીનનું જતન

પૃથ્વી એટલે કે જમીન પર જ સજીવ સૃષ્ટિ ફુલીફાલી છે અને વિકસી છે. વિશ્વમાં કોઈપણ પ્રાણી કે વનસ્પતિનું જીવન જમીન વગર શકય નથી. જમીનએ એક બહુ વિશાળ અને મૂલ્યવાન એવી કુદરતી સંપતિ છે. મનુષ્યનું પોષણ, આશ્રય અને આધાર જમીન જ છે. સિંધુ ખીણની સંસ્કૃતિ હોય કે મેસોપોટેશિયાની સંસ્કૃતિ બધી જ સંસ્કૃતિઓ ત્યાની ફળદ્રુપ જમીનને કારણે જ વિકસી હતી. આમ માણસ તો શું કીડીથી માંડીને હાથી સુધીના જીવો તેનાં કારણે જ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે.

તે સમૃધ્ધ અને વિવિધતા સભર એક જૈવિક પ્રયોગશાળા છે. માનવ જીવન ટકાવી રાખવા જમીન મૂળભૂત અનિવાર્ય અંગ છે તે આપણને ખોરાક, ઘાસચારો, બળતણ, ઉદ્યોગો માટેનો કાચો માલ અને ખનિજ સંપતિ વગેરે પુરા પાડે છે તેમજ મકાન, રોડ, બંધ, રેલ્વે, નદી, વૃક્ષો વગેરે માટે જગ્યા પુરી પાડે છે. જળનો સંગ્રહ, જમીન, વનસ્પતિના સૌથી અગત્યના ભાગ એવા મૂળિયાના પર્યાવરણમાં પણ મહત્વનો ભાગ ભજવે છે. એ આપણા માટે આધાર સ્તંભ છે. પ્રાણવાયુ સમાન છે. જીવાવરણનું એક સૌથી મહત્વનું આવરણ છે. જેને આપણે મુદાવરણ કહીએ છીએ, તેની જાળવણી અને સંરક્ષણ વગર સાતત્ય પૂર્ણ જીવન વિકાસ કરવો અશકય છે.

આપણે જાણીએ છીએ કે કુદરતી રીતે જમીન બનાવવાની પ્રક્રિયા તો ઘણી ધીમી છે, તેની તુલનામાં જમીન ધોવાણની ક્રિયા ઝડપી છે. એક અંદાજ મુજબ કુદરતી પરિબળોની અસર નીચે જમીનનો ૧ સે.મી.નો થર તૈયાર થતા ૩૦૦ થી ૪૦૦ વર્ષ લાગે છે. આવી મહામૂલી જમીન ધોવાઈ જાય તે કેમ પાલવે? જમીનની માટીના કણો હવા કે પાણીને કારણે છૂટા પડીને એક જગ્યા એથી બીજી જગ્યાએ વહન થાય તે પ્રક્રિયાને જમીન ધોવાણ કહે છે. જમીનનું ધોવાણ માટે વરસાદના પાણી, પવન, દરિયાના મોજા, વનસ્પતિનો નાશ, જમીનનો અયોગ્ય ઉપયોગ, રાસાયણિક ખાતરોનો ઉપયોગ, ઔધોગિકરણ વગેરે જવાબદાર છે. આજે સમગ્ર વિશ્વ પ્રાકૃતિક સમતોલનને કારણે અનેક પર્યાવરણની સમસ્યાઓનો સામનો કરી રહેલ છે ત્યારે તેમાં આપણી જમીન પણ બાકાત નથી. આજે બેફામ રાસાયણીક ખાતર અને દવાના વપરાશને કારણે આપણી ફળદ્રુપ જમીન પ્રદુષિત બની રહી છે. જમીનમાં અનેક ઉપયોગી જીવાણુઓ નાશ પામી રહયા છે અને તેની ફળદ્રુપતા ઘટી રહી છે ત્યારે આ બાબતે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે. ખર્ચ વધે અને ઉત્પાદન ઘટે તે કૃષિ વિકાસ માટે કદાપી પોસાય જ નહી. તો ખેડૂત મિત્રો શું લાગે છે કે આપણે જમીનનું ધોવાણ અટકાવવું જોઈએ ? જમીનમાં અસંખ્ય જીવાણુઓને

***ત્યાગથી મનની શાંતી પ્રાપ્ત થાય છે.***

જીવાડવા જરૂરી છે ? જો હા હોય તો આ દિશામાં ચોકકસ પ્રયત્નો થવા જોઈએ. તેના માટે સૌ પ્રથમ આપણે સેન્દ્રિય ખાતરો સાથે દોસ્તી કેળવવી પડશે. જમીનની ફળદ્રુપતા ટકાવવી, વિકસાવવી, જમીન ધોવાણ અટકાવતા સેન્દ્રિય ખાતરો વિશે જાણીએ.

સેન્દ્રિય ખાતર આમતો એક પ્રકારનું દેશી ખાતર જ છે. છાણીયું ખાતર, લીલો પડવાશ, મળનું ખાતર, હાડકાનો ભુકો, લોહી માંસનું ખાતર, બકરાની લીંડી, પક્ષીઓની ચરક અને તેલીબીયાના ખોળ વગેરેનો સમાવેશ સેન્દ્રિય ખાતરોમાં થાય છે. છાણીયું ખાતર આ બધામાં સૌથી ઉતમ સેન્દ્રિય પદાર્થ છે. પ્રાચીનકાળથી આજ સુધી ખેતીના ઉપયોગમાં છાણીયા ખાતરનું સ્થાન મોખરે છે. તો આવો સેન્દ્રિય ખાતર અપનાવીએ અને તેના ફાયદાથી આપની જમીનને બચાવી મબલખ પાક મેળવીએ.

**('જમીન ધોવાણ રોકથામમાં સેન્દ્રિય ખાતરની ભૂમિકા' ના સંકલિત અંશો)**

**રમુજ એક થેરાપી**

પતિ : તું નકામી લમણાઝીંક કરે છે. આ કૂતરાંને તું કયારેય કશું શીખવી શકવાની નથી.

પત્ની : તમે વચ્ચે ન બોલો એમા ધીરજની જરૂર છે. મારે તમારી સાથે કેટલો સમય બગાડવો પડયો હતો.

## મારી વાડીને મારે ઝેર નથી આપવું

મારા વારસામાં આવી રે લીલી વાડી,
મારે વારસામાં દેવી રે લીલી વાડી,
મારી વાડીને મારે ઝેર કેમ આપવું ?....
મારાં ખેતરની ખુશ્બુ તો દૂર દૂર જાય,
એમાં કેટલાંયે નાના નાના જીવો રચાય,
આવા જીવોને મારે ઝેર નથી આપવું....
મારી આંગળીથી રૂ જેવું ખેતર ખેડાય,
એને એક દાણો આપું તો સો દાણા થાય,
આવાં ખેતરને મારે ઝેર નથી આપવું....
મારું ખેતર તો ચાર ટીપાં ભેજથી ધરાય,
એની ઠંડી ઠંડી માટીમાં ઝાકળ સમાય,
આવી માટીને મારે ઝેર નથી આપવું....
મારી વાડીના ચારાથી ઢોર ધરાય,
એનાં છાંણીયા ખાતરથી વાડી લહેરાય,
આવાં ઢોરને મારે ઝેર નથી આપવું....
મારાં ખેતરમાં ઢાલીયા, અળસીયા દેખાય
એમાં પંખીઓ, પતંગીયાંને ઝાડવાંઓ ગાય,
આવી કુદરતને મારે ઝેર નથી આપવું....
મારી વાડીના દાણા તો દૂર દૂર જાય,
એમાં કોણ જાણે કેટલાય માનવી ધરાય,
આવા માનવને મારે ઝેર નથી આપવું...
આવા ઝેરોથી માટી, પાણી, પૈસો તો જાય,
હવે કરીએ સજીવ ખેતી એવું સમજાય,
મારી ખેતીને મારે ઝેર નથી આપવું....

**– વિનય મહાજન**

***દુર્જનની સોબતથી સદાચાર નાશ પામે છે.***

**Happy birthday**

| | |
|---|---|
| Ramji Bambhaniya | 01.07.1992 |
| Mahesh Mayatra | 13.07.1994 |
| Paresh Chavda | 17.07.1994 |
| Hardik Vagadia | 20.07.1985 |
| Dilip Zala | 26.07.1973 |
| Paresh Solanki | 28.07.1990 |

**In this month**

2 Partners meet for planning of Kharif, Ahmadabad
3 Monthly Review meeting (LEMP)
12-15 Exposure Visit (Farmers Club Una)
15 PIMC Meeting at Amreli
17-18 Women shareholder training on Avirat by FWWB
21 PIMC meeting at Dhokadva
22-24 Training of LEMP team at Sayala
25 Review and planning meeting.
26 Annual meet- Amreli




Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2015-17
Valid Upto 31/12/2017

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

એકની મૂર્ખાઈ બીજાનું નસીબ બને છે.